શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ હરિયાળા - (ખેડા)નું મુખપત્ર

# પરબ્રહ્મવિદ્યા

અંક : ૩ / ૪, વર્ષ : ૭
● માર્ચ/એપ્રિલ - ૨૦૧૯
● છુટક નકલ રૂા.૫/-



ગ્રીષ્મ ઋતુમાં ગઢપુરધામની
ઘેલાનદીમાં સ્નાન ક્રિડા કરતાં શ્રીહરિ



૧. ગુરુકુલ હરિયાળાને આંગણે ઉજવાયેલ ૨૮મો વાર્ષિકોત્સવ અને દ્વિમાસિક સત્સંગ સભાનો પ્રારંભ ૨. આશીર્વાદ આપતા પૂ. શાસ્ત્રીજી સ્વામી ૩. પૂ. સ્વામીના સાંનિધ્યમાં શ્રી મધુસુદનભાઈ, શ્રી જીગરભાઈ - પ્રાયમ મોબાઈલ, શ્રી કમલેશભાઈ કકાણી વગેરે ૪. ૫. વાર્ષિકોત્સવના યજમાન ભૂ.વિ. શ્રી જયદિપભાઈ એમ. પટેલ - અમદાવાદ અને ભૂ.વિ.શ્રી મયુરભાઈ ભનુભાઈ પટેલ - અમદાવાદ ને મૂર્તિ ભેટ આપતાં પૂ.સ્વામીશ્રી ૬. શાકોત્સવ ડીવીડીનું વિમોચન કરતાં પૂ. શાસ્ત્રીજી સ્વામી અને યજમાનશ્રી ૭. શ્રી અશોકભાઈ માંગરોળીયાને આશીર્વાદ આપતાં પૂ. સ્વામીશ્રી ૮. થી ૧૨. વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રવચન કરતાં શ્રી મધુસુદનભાઈ પટેલ - અમદાવાદ, શ્રી જીગ્નેશભાઈ કા. પટેલ ગુરુકુલ - પ્રિન્સીપાલ, શ્રી હર્ષ શાહ - ધોરણ-૧૨, શ્રી હરેન્દ્ર કથીરીયા - ધોરણ-૧૧ અને શ્રી હર્ષ પરમાર ધોરણ-૧૦
































૧. ગુરુકુલને આંગણે પધારેલા વૃંદાવનનિવાસી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોને સંસ્કૃતનો અભ્યાસ કરાવવાનું ઉમદા કાર્ય કરનાર આચાર્યશ્રી વ્રજપાલજી ૨. ૭૫ કલાક સુધી નોનસ્ટોપ ૭૫ વિષય ઉપર પ્રવચન કરીને વર્લ્ડ રેકોર્ડ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયનું અને ગુરુકુલનું ગૌરવ વધારનાર શ્રી અશ્વિનભાઈ સુદાણી - સુરત ૩. ગુરુકુલમાં રસોઈ આપવા પધારેલા પ.ભ. શ્રી ખોડલકુમાર જયસુખભાઈ વસોયા - રાજકોટ તથા ઘનશ્યામભાઈ, ચિરાગભાઈ-ખોખડદડ ૪. પ.ભ.શ્રી હરિકૃષ્ણ પંકજભાઈ પટેલ - માતરની નવી ઈકો કારનું પૂજન કરતાં પૂ. સ્વામીશ્રી ૫. ગુરુકુલમાં યોજાયેલ રમતોત્સવ - ૨૦૧૯માં શ્રેષ્ઠ ક્રમાંક લાવનાર અવનિશ પટેલ, હર્ષ શાહ અને મીત કાપડીયા ૬. - ૭. સમાવર્તન સંસ્કાર સમારોહ સ્મૃતિચિહ્ન અર્પણ કરતાં શ્રી બાબુલાલ મેટાલિયા, શ્રી મનિષ મકવાણા ૮-૯-૧૦. ગુરુકુલ હરિયાળામાં કે.જી. થી ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરનાર શ્રી સિધ્ધરાજ ચાવડા. શ્રી રાહુલ પ્રજાપતિ અને શ્રી મુકેશ ભરવાડ ૧૧. તેજસ્વીતા સન્માન ગ્રહણ કરનાર શ્રી ઉમંગ માળી



































૧ - ૩. ધોલેરાને આંગણે શ્રી હરિકૃષ્ણ મહારાજના ૧૮૭માં પાટોત્સવ પ્રસંગે પાટોત્સવ સભામાં દર્શન દેતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પૂ. શાસ્ત્રીજી સ્વામી, પ.પૂ. રામકૃષ્ણદાસજી સ્વામી (મહંતશ્રી) વગેરે મૂર્ધન્ય સંતો તથા તે પ્રસંગે ત્રિદિનાત્મક હરિલીલામૃત ગ્રંથની કથા કરતાં શાસ્ત્રી શ્રીજીપ્રિયદાસજી તથા કથાના યજમાન પ.ભ.શ્રી ગોવિંદભાઈ નાનજીભાઈ ગોરસીયા - સુખપુર - કચ્છ ૪. જેતપુરમાં દેવોના ૮૦માં પાટોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતાં પૂ. શાસ્ત્રીજી સ્વામી ૫. પીપલાણા ધામમાં રંગોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા પૂ. સ્વામીશ્રી ૬. વચનામૃત - પર્વ સંધાણામાં આશીર્વાદ આપતાં પૂ. શાસ્ત્રીજી સ્વામી, પૂ.કો.શ્રી સંતવલ્લભ સ્વામી વગેરે પૂ. સંતો, ૭. અ.નિ.પ.પૂ. સદ્. શ્રી રાધારમણદાસજી સ્વામી - જામનગરની શ્રદ્ધાંજલિ સભામાં ગુણાનુવાદ ગાતાં પૂ. શાસ્ત્રીજી સ્વામી ૮. પંચાળા ધામમાં નૂતન મંદિર ઉદ્ઘાટન મહોત્સવમાં આશીર્વાદ આપતાં પૂ. સ્વામીશ્રી, ૯ થી ૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર માણેજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, સદ્ગુરુ સ્મૃતિ મહોત્સવ - સરથાણા સુરત, રજતજયંતી મહોત્સવ - ગુડેલ અને શ્રી ઘનશ્યામમહારાજનો ચતુર્થ પાટોત્સવ - સુરેન્દ્રનગરમાં પ્રવચન આપતાં પૂ. શ્રીજીપ્રિયદાસજી સ્વામી.



વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ

# પરબ્રહ્મવિદ્યા


વર્ષ : ૭ ● અંક : ૩-૪ ● માર્ચ/એપ્રિલ-૨૦૧૯

દર માસની ૧૫મીએ પ્રગટ થતો અંક





-: સંસ્થાપકશ્રી :-
પ.પૂ.સ.ગુ. પુરાણી
શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી

**તંત્રીશ્રી** : સા.શ્રીજીપ્રિયદાસજી
**સહ તંત્રીશ્રી** : મધૂસુદન એમ. પટેલ (એડવોકેટ)
**સંપાદક મંડળ** : સા.ઋષિકેશદાસજી
સા.વિવેકસ્વરૂપદાસજી
**મુદ્રક** : હરિકૃષ્ણ ગ્રાફિકસ, અમદાવાદ

પંચવાર્ષિક લવાજમ : ૨૦૦/-
આજીવન (૨૫ વર્ષ) લવાજમ :₹ ૬૦૦/-
વિદેશમાં લવાજમ : ₹ ૬૦૦૦/-



પરબ્રહ્મવિદ્યા - કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ હરિયાળા - ખેડા
ને.હા.નં-૮, વાત્રક બ્રિજની બાજુમાં -૩૮૭૫૭૦.
ફો. ૦૨૬૯૪ - ૨૨૪૮૦૧, મો. ૯૨૨૭૬ ૦૦૭૯૧
Email : sghariyala@gmail.com
www.gurukulhariyala.org



-: પ્રકાશક - મુદ્રક અને માલિક :-
પ.પૂ.સ.ગુ. શા. સ્વામી શ્રી ભક્તિજીવનદાસજી




કાર્તિકી સમૈયા પ્રસંગે

વડતાલધામને આંગણે

## શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ

તા. ૦૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ વડતાલધામ

કારતક સુદ નોમ થી પૂનમ

## અનુક્રમણિકા


૧. વચનામૃત - પર્વ - ભક્તિનું નિરુપણ.............૦૬

૨. કુદરતનો હિસાબ.......................................૧૦

૩. ઘરગથ્થું ઉપચાર......................................૧૧

૪. સત્સંગ સમાચાર.......................................૧૨

૫. પરીક્ષામાં ૧ થી ૩ ક્રમાંક લાવનાર વિદ્યાર્થીઓ...૧૬

૬. રમતોત્સવ ૨૦૧૮-૧૯...............................૧૭

૭. થાળ-રસોઈ............................................૧૯

૮. અક્ષરવાસ..............................................૨૦

# વચનામૃત માળા - ભાગ-૨

સંપાદન : સાધુશ્રીજીપ્રિયદાસ

## ભક્તિ

### ભક્તિનું રૂપ

॥ श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पाद सेवनं अर्चनं वदनं दास्यं सख्यमात्म निवेदनं ॥ એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ. ગ. પ્ર. ૪૦

ભક્તિની રીત તો એમ છે જે જ્યારે સમુદ્ર મંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નિસર્યાં પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે વરવા યોગ્ય કોણ છે તેને હું વરૂ પછી જ્યાં તપાસીને જોયું ત્યાં તો જેમાં રૂપ તેમાં રૂડા ગુણ નહિ ને જેમાં કાંઈક ગુણ તેમાં રૂપ નહિ એવી રીતે ઘણાકને વિષે મોટાં મોટાં કલંક દીઠાં પછી દેવતા માત્ર તથા દૈત્ય માત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વે ગુણે કરીને સંપૂર્ણ અને સર્વ દોષે રહિત ને સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિષે દ્રઢ ભક્તિ થઈ પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવી ને ભગવાનને વર્યાં માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દ્રઢ આશરો કરવો તેનું જ નામ ભક્તિ છે. ગ.મ. ૧૦

જીવના કલ્યાણને અર્થે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધરીને પૃથ્વીને વિષે વિચરે છે ત્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તોપણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહિ એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય. ગ.મ. ૧૦

ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિ માર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે. વર. ૧૭

### ભક્તિ ઉપજ્યાનો હેતુ

ભક્તિ એમ ઉપજે જે ભગવાનની વિભુતીયું છે તેને જાણે તે કેમ જાણે તો ખંડ ખંડ પ્રત્યે ભગવાનની મૂર્તિયું જે રહી છે તેનું શ્રવણ કરે તથા ભગવાનનાં ગોલોક વૈકુંઠ બ્રહ્મપુર ને શ્વેતદિપાદિક ધામ છે તેને સાંભળે તથા જગતની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલયરૂપ જે ભગવાનની લીલા તેને મહાત્મ્યે સહિત સાંભળે તથા રામકૃષ્ણાદિક જે ભગવાનના અવતાર તેની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે તો ભગવાનને વિષે ભક્તિ ઉપજે લો. ૯

વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને જો જાણે તો જીવને સંસારને વિષે વૈરાગ્ય થાય ને ભગવાનને વિષે ભક્તિ થાય છે. ગ.પ્ર. ૧૨

### ભક્તિનું પ્રતિપાદન

સાચા જ્ઞાની જે નારદ સનકાદિક શુકજી તે તો નિરંતર ભગવાનનું ધ્યાન નામરટન ને કીર્તન તેને કરે છે અને શ્વેતદ્વિપને વિશે જે નિરન્ન મુક્ત છે તે તો બ્રહ્મરૂપ છે અને કાળના પણ કાળ છે તોપણ પરમેશ્વરનું ધ્યાન નામ રટણ કીર્તન પૂજન અર્ચન વંદન તેને કરતા રહે છે અને પોતે અક્ષર સ્વરૂપ છે તો પણ અક્ષરાતીત જે પુરૂષોત્તમ ભગવાન તેના દાસ થઈને વર્તે છે અને બદ્રિકાશ્રમને વિષે જે ઉદ્ધવ ને તનુરૂષિ આદિક મુની રહ્યા છે તે પણ તપ કરે છે ને નિરંતર ભગવાનની ભક્તિ કર્યા કરે છે. ગ.મ. ૧૮

ભગવાનની ભક્તિ વિના એકલું જે બ્રહ્મજ્ઞાન છે તથા વૈરાગ્ય છે તે તો નકારૂં જ છે ને સદા અકલ્યાણકારી જ છે એમ જાણીને શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તો પણ શ્રીમદ્ ભાગવતને અને આજ દિવસ સુધી પણ ભગવાનની ભક્તિને જ કરે છે અને શૌનકાદિક અઠ્યાસી હજાર ઋષિ તે બ્રહ્મસ્વરૂપ છે તોપણ સૂત પુરાણીના મુખ થકી ભગવાનની કથાને સાંભળે છે એવી જાતનાં વચનની સાખ્ય ભક્તિની દ્રઢતાને અર્થે લેવી. ગ.મ. ૬૬

ભગવાનના ચરણ કમળની રજને બ્રહ્મા શિવ લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર એવા એવા મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે ને માનને મૂકીને એ ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે. ગ.અં. ૩૯

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે ॥ नैष्कर्म्य मप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरंजनम् ॥ તથા ગીતામાં કહ્યું જે અકર્મ જે જ્ઞાન તેને વિષે પણ જાણવું રહ્યું છે તે શું તો જે બ્રહ્મસ્વરૂપ થયો તેને પણ પરબ્રહ્મ પુરૂષોત્તમ તે જાણવા રહ્યા છે અને જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરૂષોત્તમની ભક્તિનો અધિકાર છે તે ભક્તિ તે શું તો જેમ શ્વેતદ્વિપવાસી જે

નિરન્નમુક્ત છે તે બ્રહ્મરૂપ થકા ચંદન પુષ્પાદિક નાના પ્રકારની પૂજા સામગ્રીએ કરીને પરબ્રહ્મ જે વાસુદેવ તેને પૂજે છે તેમ એ પણ બ્રહ્મરૂપ થકો પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન પુષ્પ શ્રવણ મનનાદિકે કરીને કરે તે ભગવાનને ગીતામાં કહ્યું છે જે ब्रह्मभूत प्रसन्नात्मा न शोचित न कांक्षति समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ લો. ૭

કંસ, શિશુપાલ, પુતના એ આદિક જે દૈત્ય તેમણે ભગવાનનો દ્રોહ કર્યો ને તેનું પણ ભક્તની પેઠે ભગવાને કલ્યાણ કર્યું તેનો શો અભિપ્રાય છે જે એ દૈત્યે વૈરબુદ્ધિએ કરીને પણ ભગવાનનું ચિંતવન કર્યું ત્યારે ભગવાને એમ જાણ્યું જે વૈરબુદ્ધિએ કરીને પણ એ દૈત્યે મારૂં ચિંતવન કર્યું ને મારા સંબંધને પામ્યા માટે મારે એનું કલ્યાણ કરવું એવી રીતે એને વિષે ભગવાનની દયાનું અધિકપણું જાણવું અને વળી એમ જાણવું જે એ વૈરબુદ્ધિએ કરીને આશર્યા તેનું પણ ભગવાને કલ્યાણ કર્યું તો જે ભક્ત ભક્તિએ કરીને રાજી કરશે તેનું ભગવાન કેમ કલ્યાણ નહિ કરે ? કરશે જ. એવી રીતે ભગવાનની દયાનું અધિકપણું જણાવીને મનુષ્યને ભગવાનની ભક્તિમાં પ્રવર્તાવવા એવો અભિપ્રાય શાસ્ત્રના કરનારાનો છે પણ એમ નથી જે દૈત્યની પેઠે ભગવાનનું અણગમતું કરવું. માટે ભગવાનની ઉપર વૈરભાવ રાખીને જે ભગવાનનો દ્રોહ કરે ને અણગમતું કરે તેને તો દૈત્ય જ જાણવા ને એ પક્ષ તો દૈત્યનો છે અને જેમ ભગવાનનું ગમતું હોય તે પ્રમાણે જ વર્તવું ને ભક્તિ કરવી ને ભગવાન ને ભગવાનના ભક્તને રાજી કરવા એવો ભગવાનના ભક્તનો પક્ષ છે. ગ.અં. ૩૫



અમે (શ્રીહરિ) ગોલોકમાં ગયા ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા તેમાં કેટલાક તો ભગવાનની સેવામાં રહ્યા છે તે તો સ્થિર સરખા જણાણા અને કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાય છે તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે અને તે કીર્તન ગાતા જાય તે ડોલતા જાય જેમ કેફે કરીને ગાંડા થયા હોય ને તે ડોલે ને ગાય તેમ કીર્તન ગાય ને ડોલે પછી અમે પણ એ ગાવતા હતા તે ભેળા જઈને ભળ્યા ને કીર્તન ગાવા લાગ્યા તે ગાવતાં ગાવતાં એવો વિચાર થયો જે આવી જે પરમેશ્વરની પ્રેમ ભક્તિ અને આવી જે પરમેશ્વરની ઉપાસના તેનો ત્યાગ કરીને જે મિથ્યા જ્ઞાની થાય છે અને એમ જાણે છે જે અમે જ ભગવાન છીએ તે મહાદુષ્ટ છે. ગ.મ. ૧૯

શ્રીહરિને પાંચ વાર્તાનું અનુસંધાન રહે છે તેમાં પાંચમું એમ જે જો હું મારા મનને ઉદાસી કરવા લાગું તો કોણ જાણે ક્યાંય જાતું રહેવાય ને દેહ પડી જાય માટે એમ જાણીએ છીએ જે મનને ઉદાસી ન કરવું કેમ જે ભલા અમારે યોગે કરીને આ સર્વે બાઈ ભાઈ પરમહંસ રાજીપે બેઠા ભગવદ્ ભક્તિ કરે છે તો એ ઠીક છે ને ભગવદ્ ભક્તિને કરતા દેખીને મનમાં બહુ રાજીપો થાય છે જે મરી તો સર્વેને જાવું છે પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે એમ નિરંતર અનુસંધાન રહે છે. ગ.અં. ૩૦

અમારો તો એક જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વના કર્તા હર્તા જાણીને અને સ્વામી સેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ માટે તમો પણ સર્વે આ અમારા વચનને પરમ સિદ્ધાંત કરી માનજો. કા. ૧૦

## ભક્તિનું દુર્લભપણું ને ભક્તિ એ જ પરમપદ છે

ભગવાન જે જે ચરિત્ર કરે તે સર્વેને ગોપીયુંની પેઠે દિવ્ય જાણે પણ કોઈ રીતે જાણીને અભાવ તો આવે જ નહિ એવી જે ભક્તિ તે તો મહા દુર્લભ છે અને એક બે જન્મને સુકૃતે કરીને એવી ભક્તિ ન આવે એ તો અનેક જન્મના શુભ સંસ્કાર ભેળા થાય છે ત્યારે તેને ગોપીયુંના સરખી ભક્તિ ઉદય થાય છે. અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે. ગ.મ.૧૦

## ભક્તિ કોણે કરવી

જે શુકજી જેવા બ્રહ્મ સ્થિતિને પામ્યા હોય તેને પણ એ શ્રીકૃષ્ણ પરબ્રહ્મની ઉપાસના ભક્તિ કરવી ને દશમમાં કહ્યાં

જે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર તે શુકજી જેવાને પણ ગાવવાં ને સાંભળવાં.ગ.મ. ૩૯

## ભક્તિ કેવી રીતે કરવી

ભગવાનનો ભક્ત હોય તે ભગવાનની કથા કીર્તન શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને જો હરિભક્ત ઉપર ઈર્ષ્યાએ કરીને કરે તો તે ભક્તિએ કરીને ભગવાન અતિશય રાજી થતા નથી અને ઈર્ષ્યાનો ત્યાગ કરીને કેવળ પોતાના કલ્યાણને અર્થે ભક્તિ કરે પણ લોકને દેખાડ્યા સારું ન કરે તો તે ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે માટે જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો લોક રીઝાવવાને અર્થે તથા કોઈકની ઈર્ષ્યાએ કરીને ભક્તિ ન કરવી કેવળ પોતાના કલ્યાણને અર્થે જ કરવી. ગ. અં. ૬

અને શ્રદ્ધાએ કરીને ભક્તિ કરતો હોય ને બીજો કોઈક તેમાં ભક્તિ કરવા આવે ને તેની ઉપર ઈર્ષ્યા કરે તો તે અમને ન ગમે માટે શ્રદ્ધાએ સહિત ને ઈર્ષ્યાએ રહિત જે ભક્તિ કરે તે અમને અતિશય ગમે છે. ગ.મ. ૫૨

જીવનો તો એવો સ્વભાવ છે જેમાં પોતાને માન જડે તેજ કરવું સારૂં લાગે પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ પણ સારી લાગે નહિ. અને જેમ શ્વાન હોય તે સુકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટીને રાજી થાય છે પણ મૂર્ખ એમ નથી જાણતો જે મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું તેમ ભગવાનનો ભક્ત હોય તોપણ માનરૂપી હાડકાને મુકી શકતો નથી અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી. અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથી મિયાંજી જેવા કોઈક જ કરતા હશે પણ સર્વથી તો માનનો સ્વાદ મૂકી શકાતો નથી. તે ઉપર તુલસીદાસજીની સાખી છે જે

कनक कज्यो कामनी तज्यो तज्यो धातुको संग।
तुलसी लघु भोजन करी जीवे मानके रंग॥

માટે જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વ હરિભક્તમાં અતિશે મોટો જાણવો. ગ.મ. ૪૧

ધર્માદિક (ધર્મ આત્મનિષ્ટા ને વૈરાગ્ય) અંગનું સહાયપણું ન હોય તો વિષમ દેશકાળાદિકે કરીને ભક્તિને વિષે જરૂર વિઘ્ન થાય છે તે માટે ધર્માદિક અંગે સહિત ભક્તિ કરવી. ગ.મ. ૩૨

ભગવાનની ભક્તિમાંથી બે પ્રકારે જીવ પડે છે. એક તો શુષ્ક વેદાંતના ગ્રંથને સાંભળીને બીજા આકારને ખોટા કરે તેમ શ્રીકૃષ્ણાદિકને જે ભગવાનના આકાર તેને પણ ખોટા કરે એ શુષ્ક વેદાંતીને અતિ અજ્ઞાની જાણવા. અને બીજો જે એમ સમજતો હોય જે ભગવાનને ભજીએ તો ગોલોકને, વૈકુંઠલોકમાં સ્ત્રી, ભોગ, ખાનપાન આદિક જે પંચવિષયનાં સુખ તેને પામીએ. પછી તે સુખની આસક્તિએ કરીને ભગવાનને પણ ભૂલી જાય ને મૂળગો કુબુદ્ધિવાળો થઈને એમ સમજે જે એ સુખ ન હોય તો એ ધામમાં રાધિકા લક્ષ્મી આદિક સ્ત્રીયું ભેળે ભગવાન પણ રમે છે માટે એ સુખ પણ ખરૂં છે, પણ ભગવાનને પૂર્ણકામ ને આત્મારામ ન સમજે અને એવી જે ભગવાનની ક્રિયાઓ છે તે તો પોતાના ભક્તના સુખને અર્થે છે તે સારું જ્ઞાન વૈરાગ્યે સહિત ભગવાનની ભક્તિ કરવી. ગ. અં. ૨૮

## ભક્તિવાળાનાં લક્ષણ

જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમજ મારે કરવું છે એમ તેના હૈયામાં હિંમત રહે અને આટલું વચન મારાથી મનાશે ને આટલું નહિ મનાય એવું વચન તો ભુલે પણ ન કહે વળી ભગવાની મૂર્તિને હઈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે ને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તોપણ કાયર ન થાય ને નિત્ય નવી શ્રદ્ધા રાખે ને મૂર્તિ ધારતાં જ્યારે ભુંડા સંકલ્પ થાય ને તે હઠાવ્યા હઠે નહિ તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે ને ભગવાનના સ્વરૂપને હઈયામાં ધારતો રહે તે ધારતાં ધારતાં દશ વર્ષ થાય અથવા વીશ વર્ષ થાય અથવા પંચવીશ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ કેમ જે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે

॥ अनेक जन्म संसिद्धस्ततो यातिपरां गतिम् ॥

તે માટે એમને એમ ભગવાનને ધારતો રહે. ગ.પ્ર. ૧૫

ભક્તિવાળાનાં લક્ષણ આવાં હોય છે જે જ્યારે જીવના કલ્યાણને અર્થે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધરીને પૃથ્વીને વિષે વિચરે છે ત્યારે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહિ એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય ને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય. ગ.મ. ૧૦

## ભક્તિવાળે કેમ વર્તવું

ઇંદ્રિયો, અંતઃકરણ, વિષય એ સર્વેનાં મૂળ જીવમાંથી જ્યાં સુધી ઉખાડી નાખ્યાં ન હોય ત્યાં સુધી એ ઇંદ્રિયો અંતઃકરણે કરીને ભગવાનનાં દર્શન સ્પર્શાદિકરૂપ જે કામ તે લેવું પણ એને પોતાના હેતુ ન માનવા વૈરી માનવા ને એનો ગુણ ન લેવો જે એ ભગવાનની ભક્તિને વિષે ઉપકાર કરે છે કેમ જે નેત્રે કરીને ભગવાનનાં દર્શન થાય છે, શ્રવણે કરીને ભગવાનની કથા સંભળાય છે, ત્વચાએ કરીને ભગવાનનો સ્પર્શ થાય છે, નાસિકાએ કરીને ભગવાનની માળા ને તુલસીનો સુગંધ લેવાય છે, ને મુખે કરીને ભગવાનનાં કથા-કીર્તન કહેવાય છે તથા જીવ્હાએ કરીને ભગવાનની પ્રસાદીનો રસ લેવાય છે ઇત્યાદિક ભગવાનની ભક્તિને વિષે ઉપયોગી છે એમ સમજીને એનો ગુણ ન લેવો ને એનો વિશ્વાસ ન કરવો એને તો વૈરી જ જાણવાં કાંજે શું જાણીએ એ ભગવાનનાં દર્શન સ્પર્શાદિક કરીને સુખ માનતા થકી સ્ત્રી આદિકના દર્શન સ્પર્શાદિકે કરીને જ સુખ મનાવીએ તો ભૂંડું થાય માટે એ પંચ ઇન્દ્રિયોરૂપ શત્રુને કેદમાં રાખીને ભગવાનની ભક્તિરૂપ કામ લેવું જેમ કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે પણ છુટો મેલે નહિ ને વિશ્વાસ પણ કરે નહિ અને જો તેને છુટો મેલે ને વિશ્વાસ કરે તો તે રાજાને તે વૈરી નિશ્ચય મારે તેમ જો ઇંદ્રિયોરૂપ વૈરીનો વિશ્વાસ કરે ને છુટા મુકે ને કેદમાં ન રાખે તો એને નિશ્ચય ભગવાનના માર્ગ થકી પાડી નાખે છે માટે એનો વિશ્વાસ ન કરવો અને વળી જેમ ઇંગ્રેજ કોઈ ગુનેગારને પકડે છે ત્યારે તેને પાંજરામાં ઉભો રાખીને પુછે છે પણ છુટો મુકતો નથી ને તેનો વિશ્વાસ કરતો નથી તેમ એ ઇંદ્રિયો અંતઃકરણને પંચ વર્તમાનના નિયમરૂપ જે પાંજરૂં તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી. પણ એને વિષે ગુણ ન લેવો શત્રુભાવ જ રાખવો અને જો એમને ભક્તિમાં ઉપયોગી માનીને હેતુ માને ને એનો ગુણ લે તો ભગવાનનાં દર્શન સ્પર્શાદિકને વિષે સુખ મનાવતે થકે જો સ્ત્રી આદિકને વિષે કાંઈક સુખ મનાવી દે તો એનું કર્યું કરાવ્યું સર્વે વ્યર્થ થઈ જાય જેમ ઝાઝો દારૂનો ઢગલો હોય ને તેમાં એક અગ્નિનો તણખો પડ્યો હોય તો તે દારૂ સર્વે ભસ્મ થઈ જાય છે તેમ એનું કાંઈ ઠેકાણું રહેતું નથી. પં. ૩

ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન ને સ્વભાવ એ ચાર વાનામાં કાચ્યપ હોય ને તે ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ એની ભક્તિનો વિશ્વાસ નહિ, એની ભક્તિમાં જરૂર વિઘ્ન આવે કેમ જે ક્યારેક એને સ્ત્રીધનનો યોગ થાય તો ભક્તિનો ઠા રહે નહિ ને તેમાં આસક્ત થઈ જાય તથા દેહાધ્યાસ હોય તો જ્યારે દેહમાં રોગાદિક કષ્ટ પ્રાપ્ત થાય તથા અન્નવસ્ત્રાદિક ન મળે અથવા કોઈક કઠણ વર્તમાન પાળવાની આજ્ઞા થાય ત્યારે પણ તેને ભક્તિમાં ભંગ થાય ને વિકલ થઈ જાય ને કાંઈ વિચાર ન રહે ને ચાળા ચુંથવા લાગે તથા કોઈક રીતનો સ્વભાવ હોય તેને સંત ટોકવા માંડે ને તે સ્વભાવ પ્રમાણે વર્તવા ન દે ને બીજી રીતે વર્તાવે ત્યારે પણ એ મુંઝાય ને એને સંતના સમાજમાં રહેવાય નહિ ત્યારે ભક્તિ તે ક્યાંથી જ રહે માટે જેને દઢ ભક્તિ ઇચ્છવી હોય તેને (સ્ત્રી, ધન, દેહાભિમાન ને સ્વભાવ) એ ચાર વાનામાં કાચ્યપ રાખવી નહિ ને એ ચારની કાચ્યપ હોય તોપણ સમજીને ધીરે ધીરે ત્યાગ કરવી તો વાસુદેવ ભગવાનની નિશ્ચલ ભક્તિ થાય. આ વાર્તા તે આમ જ છે પણ એમાં કાંઈ સશંય નથી. ગ. અં. ૩૩

અને એવી રીતે (ધર્મ, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય એ અંગે સહિત) ભક્તિને કરતો જે ભક્ત તેને પણ જો ભૂંડા દેશ કાળ, ક્રિયાને સંગ છે તેને વિષે પ્રવર્તાય તો ભગવાનનો ભક્ત હોય તેનું પણ અંતર ડોળાઈ જાય ને તેના સ્વભાવનો ઠા ન રહે માટે ભુંડો દેશ ભુંડો કાળ ને ભુંડી ક્રિયા ને ભુંડો સંગ તેનો ત્યાગ કરીને રૂડો કાળ ને રૂડો સંગ ને રૂડી ક્રિયા તેને વિષે સદા પ્રવર્તવું પણ ભુંડા દેશાદિકનો સંગ કરવો નહિ. ગ.મ. ૩૨

# કુદરતનો હિસાબ

"કુદરત કુકર્મની સજા તરત કરતી નથી. તેથી જ માણસો કુકર્મ કરવા માટે પ્રવૃત્ત થાય છે. જો કે ઈશ્વરની ઘંટી ધીમે ધીમે દળે છે તો પણ તે અત્યંત ઝીણું દળે છે." એમ ફ્રેડરિક વૉન લાગો કહે છે.

તમે જે દિવસે પ્રકૃતિના નિયમોનો ભંગ કરો તો તે જ દિવસે તો ભાગ્યે જ કુદરત તેનો હિસાબ લે; પરંતુ જો તમે તેની પેઢીમાંથી વિશેષ નાણાં ઉપાડો અને તમારી જાતને ગીરવી મૂકો, તો ખાત્રીપૂર્વક માનજો કે તે તમારી જાતને છોડવાની જ નથી. તમને જોઈએ તેટલું ધીરશે, પરંતુ મર્ચન્ટ ઑફ વેનિસના શાયલોકની જેમ તે તમારું માંસ માંગશે. દેવાદાર ચાલીસ વર્ષનો થાય ત્યારબાદ જ તે હિસાબના ચોપડા ખોલે છે. તેના જો કર્જદારે દારૂ લીધો હોય તો તેનું યૌવન વીતી ગયા પછી જ તે તેની ધીમે ધીમે જમા થયેલી મુડી તરીકે ક્લેજાનો રોગ, હૃદયની નબળાઈ વગેરેની ભેટ મોકલે છે. પીઠામાં ચુકવાતું નાણું તો તમારા ખર્ચના નાનામાં નાનો અંશ હોય તે ઉપરાંત તમારે કુદરતનો હિસાબ ચુકવવાનો હોય છે.

જે માણસની પાસે સંપત્તિ હોય છે તેને જ કુદરત બીજી સંપત્તિ આપે છે. તે તેને માટે પોતાના વિશાળ ભંડાર ખુલ્લા મુકે છે. જે વસ્તુને તે વાપરતો નથી. તે વસ્તુ ઘણા વર્ષો સુધી તેને એ રાખવા દેતી નથી, વાપરો અથવા ગુમાવો એ કુદરતનો મૂળ મંત્ર છે. પૈસાનો સંચય કરવા પાછળ તમારી સર્વ શક્તિઓ ખર્ચો. ગરીબ પડોશીઓના રૂદનથી પણ પીગળે નહીં, તેવું પથ્થર જેવું હૃદય બનાવો. પરમાર્થવૃત્તિનો જરાય ઉપયોગ ન કરો પછી જુઓ કુદરતનો હિસાબ !

વિના મૂલ્યે આરોગ્ય પ્રાપ્ત કરવાની આશા ઠગારી છે. જ્યારે જ્યારે પ્રકૃતિના નિયમોના ભંગ કરવામાં આવે છે. ત્યારે તે અપરાધીને શિક્ષા કર્યા વિના રહેતી નથી. આરોગ્ય, શક્તિ અને દીર્ઘાયુષ્યનો આધાર અવિનાશી કાયદા પર આધારિત છે. એનેકા કહે છે : "ઈશ્વરે સૌને લાંબુ આયુષ્ય આપ્યું છે. પરંતુ લોકોએ જાતે જ તેને ટૂંકું બનાવી દીધું છે. ઘણા ખરા બાળપણમાં અને યુવાવસ્થામાં જ અવસાન પામે છે. પોતાની જાતનો અભ્યાસ અને તે સંબંધી જ્ઞાન અત્યંત જરૂરી છે. માનવદેહ સર્જનહારનું મહાન કાવ્ય છે. તેની સુંદરતાની કદર કરતાં ન શીખવું અને તેનાં ગુપ્ત રહસ્યો જાણવાનો પ્રયત્ન ન કરવો, એ આપણી સંસ્કૃતિનું કલંક છે."

તમારા અયોગ્ય આહારવિહાર કુદરતના ચોપડામાં તમારે ખાતે ઉધરતા રહીને એક યા બીજા રૂપે વહેલા કે મોડા તમારો હિસાબ માંગશે. કુદરત ન્યાયી છે, તે આપણા ક્ષણિક આનંદ આપનારા દુર્ગુણોને જ આપણો નાશ કરવાના સાધન બનાવે છે. માનવ શરીર એ ઈશ્વર રચિત ઘડિયાળ છે. તેને સો વર્ષ સુધીની ચાવી આપેલી છે. ઠંડી તથા ગરમીને અનુકૂળ કરવા માટે ઈશ્વરે નાજુક યંત્ર ગોઠવ્યું છે. નિયમિત સ્નાન કરીને ત્વચામાંનાં છિદ્રોને ખુલ્લાં રાખવા જોઈએ. નાજુક ચક્રોમાં આનંદરૂપી તેલ પૂરવું જોઈએ. તમાકુ, દારૂ, અફીણ, ગાંજો, વગેરેનાં વ્યસનોથી દૂર રહેવું જોઈએ. યાદ રાખજો મનની ખૂબ ઉશ્કેરણીને પરિણામે શોક, પશ્ચાત્તાપ અને શરમ સિવાય બીજું પરિણામ આવતું નથી.

દારૂનું સેવન કરનારની જઠરની પાતળી ચામડી જાડી બની જાય છે. તેની અંદરના મૃદુ ભાગો સખત બની જાય છે. તેમના જ્ઞાનતંતુઓનું પાતળું આવરણ અને મગજનું શ્વેત તત્ત્વ કઠણ બની જાય છે. અજ્ઞાની લોકો આ નાજુક દેહના યંત્રમાં દારુ, માંસ, માદક પદાર્થો, તમાકુ, ધુમાડો, મસાલા, મીઠાઈ, રાયતાં, અથાણાં વગેરે ઠાંસી ઠાંસીને ભરે છે. બિચારા નાજુક યંત્રની સ્થિતિનો કોઈ વિચાર કરે છે ખરાં ? ઉદાર સમજુ અને ઊંચું શિક્ષણ પ્રાપ્ત કરેલ માણસો પણ

પોતાની જઠર પાસેથી સખત કામ લે છે. એકાદશી, રવિવાર કે અન્ય તહેવારને દિવસે જઠરને આરામ આપવાને બદલે ઉલટા, ભારે ખોરાકો ઉપરાઉપરી આરોગીને જઠરને વિશેષ શ્રમ આપે છે.

જળ, ખોરાક અને વ્યાયામ એ ત્રણ વૈદ્યો છે. જળનો છૂટથી ઉપયોગ કરવો. ખોરાક નિયમિત જરૂરિયાત મુજબ લેવો. નિયમિત વ્યાયામ - આસન કરવા. જે ધંધામાં અસ્વચ્છ હવા શ્વાસમાં લેવી પડે તેનો ત્યાગ કરો. જે માણસનું સમગ્ર જીવન વિષયવિકારથી કલંકિત હોય, જેની બુદ્ધિ જડ બની ગઈ હોય, જેના જ્ઞાનતંતુઓ બહેર મારી ગયાં હોય, જેનો આત્મા સંકુચિત બની ગયો હોય, તેને પ્રકૃતિ અત્યંત ભયંકર શિક્ષા કરે છે. વિષયાસક્તિ મનુષ્યના સમગ્ર શરીરને જડ અને હૃદયને પાષાણવત્ બનાવી દે છે.

"શ્રમ કરો ને આનંદ માણો. આળસ રાખી બેસી રહો, તો નાશ પામો. એ પ્રકૃતિનો મંત્ર છે. આ વિશ્વમાં સૌથી વિશેષ અદ્ભુત એવી જે આપણી જાત છે, તેને ઓળખવી અને સાચવવી એ જ આપણું સૌથી પ્રથમ અને સર્વોત્તમ કર્તવ્ય છે." એમ કોલરિઝ નોંધે છે. કુદરતનો હિસાબ અહીંનો અહીં જ છે. અમૂલ્ય જીવન જીવી જાણો અને કૃતાર્થ થાઓ. એમાં જ કલ્યાણ છે.

## ઘરગથ્થું ઉપચારો - ઝાડા-મરડો

● ગાજરનો રસ પીવાથી ઝાડા બંધ થાય છે.

● ચીકુની છાલનો ઉકાળો પીવાથી ઝાડા બંધ થાય છે.

● ખજુરના ઠળીયામાંથી રાખ કરી ઠંડા પાણી સાથે પીવાથી ઝાડા બંધ થાય છે.

● એલચીના છોડાની રાખ મધમાં ચાટવાથી ઝાડા બંધ થાય છે.

● સહેજ ગરમ પાણીમાં થોડું મીઠું અને લીંબુનો રસ પીવાથી ઝાડા અને મરડો મટે છે.

● તુલસીના પાંચ પાન અને સંચળ બે ગ્રામ, ૫૦ ગ્રામ દહીંમાં મેળવીને ખાવાથી ઝાડા અને મરડો મટે છે.

● માખણ, મધ અને ખડી સાકર મેળવીને ખાવી મરડો મટે છે.

● કેરીની ગોટલી, છાશ અથવા ચોખાના ઓસામણમાં વાટીને લેવાથી મરડો મટે છે.

● મરીનું ચૂર્ણ છાશમાં લેવાથી મરડો મટે છે.

● મેથીનો લોટ દહીંમાં ખાવાથી મરડો મટે છે.

● મેથીની ભાજીના રસમાં દ્રાક્ષ મેળવીને પીવાથી મરડો મટે છે.

● આદુનો રસ ડુંટીએ ચોપડવાથી ઝાડા મટે છે.

● ગરમ પાણી સાથે સુંઠ ફાકવાથી અથવા સુંઠનો

● ઉકાળો બનાવી તેમાં રૂપિયાભાર એરંડિયું નાખીને પીવાથી મરડો મટે છે.

● લીંબુના રસને ગરમ કરીને તેમાં સિંધવ અને ખાંડ મેળવીને પીવાથી મરડો મટે છે.

● અજમો, હરડે, સિંધવની ફાકી લેવાથી મરડો મટે છે.

● આંબાના સુકા ફુલોનું ચૂર્ણ ગમે તેવો જૂનો મરડો મટે છે.

● થોડા તલ અને સાકર વાટી મધમાં ચાટવાથી ઝાડામાં પડતું લોહી બંધ થાય છે.

● કોકમનું ઘી ગરમ કરીને દિવસમાં બે-ત્રણ વાર બબ્બે તોલા જેટલું પીવાથી લોહીવાળો મરડો મટે છે.

● સુંઠનું ચૂર્ણ છાશમાં મેળવીને બબ્બે કલાકે લેવાથી ઝાડા બંધ થાય છે.

● કાચું પપૈયું પાણીમાં ઉકાળીને ખાવાથી ઝાડા મટે છે.

● જાયફળ પાણીમાં ઘસીને અડધી ચમચી જેટલું, સવાર-સાંજ ચાટવાથી ઝાડા બંધ થાય છે.

# સત્સંગ સમાચાર

## ધોલેરા ધામને આંગણે ઉજવાયો શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૮૭મો પાટોત્સવ અને શ્રીહરિલીલામૃત ત્રિદિનાત્મક કથા

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના પાદારવિંદથી અતિપાવનભૂત થયેલ શ્રી ધોલેરાધામની ધન્ય ધરા પર શ્રી હરિકૃષ્ણમહારાજના ૧૮૭માં પાટોત્સવ પ્રસંગે સુખપુર ભુજ નિવાસી પ.ભ. શ્રી ગોવિંદભાઈ નાનજીભાઈ ગોરસિયાના યજમાનપદે યોજાયેલ શ્રીહરિલીલામૃત ગ્રન્થરાજની કથાનું રસપાન ગુરુકુળ હરિયાળાના સંસ્થાપક પ.પૂ.સદ્.શા. શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી અને પ.પૂ.સદ્.શ્રી રામકૃષ્ણદાસજીસ્વામીના આશીર્વાદથી શા. શ્રીજીપ્રિયદાસજી સ્વામીએ તા. ૭-૨-૧૯ થી ૯-૨-૧૯ સુધી કરાવ્યું હતું. તા. ૯-૨-૧૯ના બપોર પછી ઠાકોરજીની જળયાત્રા ધામધૂમથી ધોલેરાની બજારમાં નીકળી હતી અને તા. ૧૦-૨-૧૯ના શ્રી હરિકૃષ્ણમહારાજનો દિવ્ય અભિષેક પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે કરીને સત્સંગ સભામાં ભક્તજનોને દિવ્ય આશીર્વાદ પાઠવ્યા હતા. સુરત નિવાસી શ્રી ગણેશભાઈ ડુંગરાણીએ પાટોત્સવના યજમાનપદનો લાભ લીધો હતો.

## વાસદને આંગણે ઉજવાયો રજતજયંતી મહોત્સવ

પરમધામ વાસદમાં પધરાવેલ દેવોના ૨૫માં પાટોત્સવ પ્રસંગે ભવ્ય-દિવ્ય રજતજયંતી મહોત્સવનું આયોજન પ.પૂ.સદ્. શ્રી કે. કે. શાસ્ત્રીજી સ્વામીના આશીર્વાદ અને પ્રેરણાથી અતિ સુંદર રીતે થયું હતું. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત કથામૃતનું રસપાન સુપ્રસિદ્ધ વિખ્યાત પ.પૂ.સત્શ્રી એ કરાવ્યું હતું. આ દિવ્ય મહોત્સવમાં અનેકવિધ સામાજિક કાર્યોની હારમાળા રચાઈ હતી. ગુરુકુળ હરિયાળાથી પૂ. શાસ્ત્રીજી સ્વામીની અનુજ્ઞાથી શાસ્ત્રી શ્રીજી પ્રિયદાસજીએ તા. ૧૫-૨-૧૯ના રોજ આ મહોત્સવમાં પધારીને પૂ. કે.કે. શાસ્ત્રીજીને શુભકામનાઓ પાઠવી હતી

## જેતપુરને આંગણે ઉજવાયો ૮૦મો પાટોત્સવ

શ્રીજી ગાદીસ્થાન જેતપુરને અતિ પાવન-પવિત્ર ભૂમિમાં દેવોના ૮૦મા પાટોત્સવ પ્રસંગે પ.પૂ.સદ્. શા. શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીના આશીર્વાદ અને અનુજ્ઞાથી અને પૂ.શા. શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગીજીવન ગ્રન્થરાજની દિવ્ય કથામૃતનું રસપાન ભક્તજનોએ કર્યું હતું. આ દિવ્ય મહોત્સવમાં ગુરુકુળ હરિયાળાથી પૂ. શાસ્ત્રીજી સ્વામીએ તા. ૨૩-૨-૧૯ના રોજ પધારીને ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ દિવ્ય મહોત્સવમાં વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે પધારીને ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. તેમજ તા. ૨૪-૨-૧૯ના રોજ દેવોનો દિવ્ય અભિષેક કર્યો હતો તથા નૂતન સંત આશ્રમ, ભોજનાલય અને પ્રવેશદ્વારનું ખાતમૂહુર્ત કર્યું હતું.

## ગુરુકુળ હરિયાળાને આંગણે ઉજવાયો ૨૮મો વાર્ષિકોત્સવ અને દ્વિમાસિક સત્સંગ સભા






ગુરુકુળ હરિયાળાને આંગણે વિદ્યામંદિરનો ૨૮મો વાર્ષિકોત્સવ અને દ્વિમાસિક સત્સંગસભાનો સુપ્રારંભ તેમજ ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીબંધુઓનો સમાવર્તન સંસ્કાર સમારોહરૂપી આ ત્રિવિધ



આયોજનોના રૂડા સંગમ ઉત્સવ પૂ. શાસ્ત્રીજી સ્વામીની પરમ નિશ્રામાં તા. ૩-૩-૧૯ના રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ સુધી સુંદર રીતે



ઉજવાયો. આ પ્રસંગે પૂ. નારાયણ સેવાદાસજી સ્વામી, પૂ. શ્રીજીપ્રિયસ્વામી, પૂ. ઋષીકેશ સ્વામી અને પૂ. વિવેકસ્વરૂપ સ્વામીએ ગુરુકુલનું મહત્ત્વ, જીવનમાં સંસ્કાર સાથેનું શિક્ષણ અને જીવન ધ્યેય વિશેની અનુપમ વાતો કરી હતી. તેમજ જુનિયર-




સિનિયર, કે.જી. અને ધોરણ ૧થી ૧૨ (કોમર્સ - આર્ટ્સ)ના પરીક્ષામાં ૧ થી ૩ ક્રમાંક લાવનાર વિદ્યાર્થીબંધુઓને "તેજસ્વીતા સન્માન"થી પૂ. શાસ્ત્રીજી સ્વામી, આચાર્ય શ્રી જીગ્નેશભાઈ,




ભુપેન્દ્રભાઈ, કિશોરભાઈ, દિપકભાઈ અને પીનેશભાઈ તથા ગુરુકુળના ટ્રસ્ટી શ્રી મધુસુદનભાઈ તથા જયદિપભાઈ, મયુરભાઈ વગેરે આ મહોત્સવના યજમાનશ્રીઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.


તેમજ ગુરુકુલમાં ઉજવાયેલ રમતોત્સવમાં ૧ થી ૩ ક્રમાંક લાવનાર વિદ્યાર્થીઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા



હતા તથા ધોરણ - ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને "સમાવર્તન સંસ્કાર સમારોહ"ના સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા.



આ પ્રસંગે પ્રાચાર્યશ્રી જીગ્નેશભાઈ, ધોરણ-૧૦ના હર્ષ પરમાર, ધોરણ - ૧૧ના હરેન્દ્ર કથીરીયા



અને ધોરણ - ૧૨ના હર્ષ શાહે પ્રાસંગિક સુંદર પ્રવચનો કર્યા હતા. અંતમાં પૂ. શાસ્ત્રીજી સ્વામીએ પધારેલા સર્વભક્તજનો, યજમાનશ્રીઓ, વિદ્યાર્થીમિત્રો, શિક્ષકશ્રીઓ અને વાલીગણને રૂડા આશીર્વાદ આપ્યા. પૂ. સ્વામીશ્રીએ આ મહોત્સવના યજમાન પ.ભ. શ્રી જયદિપભાઈ મધુસુદનભાઈ પટેલ, અમદાવાદ અને શ્રી મયુરભાઈ ભાનુભાઈ પટેલ બન્ને ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મૂર્તિ ભેટ આપીને આશીર્વાદ આપ્યા હતા.

## સુરેન્દ્રનગરમાં ઉજવાયો શ્રી ઘનશ્યામ મહારાજનો ચતુર્થ પાટોત્સવ

સંપ્રદાયના મહાન સંત પ.પૂ. સદ્‌ગુરુ શા. શ્રી નારાયણસેવાદાસજી સ્વામી સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સુરેન્દ્રનગરમાં શ્રી ઘનશ્યામમહારાજનો ચતુર્થ પાટોત્સવ પ.પૂ.મહાત્મા સ્વામીની નિશ્રામાં અને માર્ગદર્શન મુજબ ભવ્ય રીતે ઉજવાયો. આ મહોત્સવમાં શ્રીમદ્‌ ભાગવત કથામૃતનું રસપાન સુમધુર શૈલીમાં સુપ્રસિદ્ધ પ.પૂ.શા. શ્રી નિર્મળદાસજી સ્વામીએ કરાવ્યું હતું. આ પ્રસંગે ગુરુકુલ હરિયાળાથી પૂ. શાસ્ત્રીજી સ્વામીની આજ્ઞાથી શા. શ્રીજીપ્રિયદાસજી સ્વામીએ તા. ૮-૩-૨૦૧૯ના રોજ પધારીને ભક્તજનોને રૂડું ઉદ્‌બોધન કર્યું હતું.

## રાજકોટને આંગણે દ્વિમાસિક સત્સંગ સભાનો સુપ્રારંભ

ભગવાન સ્વામિનારાયણની મુમુક્ષુ આત્માઓને સત્સંગ કરાવવાની અનુપમ પરંપરાનું વહન કરવા માટે પૂ. શાસ્ત્રીજી સ્વામીના સંકલ્પને સાકરિત કરતી દિવ્ય સત્સંગસભાનો રાજકોટને આંગણે મવડી વિસ્તારમાં સોરઠીયા પરિવારની વાડીમાં તા. ૧૭-૩-૨૦૧૯ના રોજ પ્રારંભ થયો. સભાના પ્રારંભમાં શ્રી હસમુખભાઈની ટીમે સુંદર કીર્તન ભક્તિનો લ્હાવો આપ્યો. ત્યારબાદ શા. શ્રીજીપ્રિયદાસજીએ શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ વડતાલના અનુલક્ષમાં વચનામૃત-પર્વની ઉજવણી રૂપ વચનામૃત કથાનો પ્રારંભ કરતાં મધ્યનું

૨૨મું બે સેનાના નિશાનનું વચનામૃત દ્વારા એક લક્ષ્ય શ્રીહરિજી મૂર્તિને સિદ્ધ કરવા વિશેની સુંદર વાતો કરી હતી. ત્યારબાદ પૂ. શાસ્ત્રીજી સ્વામી તથા ઉદયનગરથી પધારેલા પૂ. ભગવતસ્વરૂપ સ્વામી અને પૂ. વ્રજવલ્લભ સ્વામીએ વચનામૃત પૂજનનો લાભ લીધો હતો. તેમજ ભક્તજનો પણ આ લાભથી લાભાન્વિત થયા હતા. આ સત્સંગ સભાના યજમાન શ્રી ખોડલકુમાર જયસુખભાઈ વસોયા અને પ્રસાદના યજમાનશ્રી પરશોતમભાઈ બોડા, શ્રી હરિભાઈ વેકરીયા, શ્રી દેવરાજભાઈ પાંભર વગેરે ભક્તજનોએ સંતપૂજન અને પૂ. શાસ્ત્રીજી સ્વામીના આશીર્વાદનો લાભ લીધો હતો. અંતમાં પૂ. શાસ્ત્રીજી સ્વામીએ શ્રી હરિનો કેફ અને વર્તનમાં ઢીલાશ ન રાખવા વિશેની સુંદર કથામૃત દ્વારા ભક્તજનોને આશીર્વાદ આપ્યા હતા. આ સમગ્ર સભાનું સંચાલન પૂ. વિવેકસ્વરૂપ સ્વામીએ કર્યું હતું.

## રાસસ્થાન પંચાળાને આંગણે ઉજવાયો મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ

શ્રીહરિએ જયાં વચનામૃતને ઉદ્‌બોધ્યા. એક સંત અને મહારાજ એમ અનંતરૂપે થઈને હરિ જયાં રાસોત્સવલીલા કરી તે પવિત્ર ભૂમિમાં શ્રી ઝીણાભાઈ દરબારના દરબારમાં નૂતન આકારિત થયેલ ભવ્ય-દિવ્ય મંદિરનો ઉદ્‌ઘાટન મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. પ.પૂ. સદ્. શ્રી યોગેશ્વરદાસજી સ્વામી, પૂ. પ્રેમપ્રકાશસ્વામી, પૂ. ઘનશ્યામસ્વરૂપ સ્વામી વગેરે પંચાળાની કાયાપલટ કરનાર પરમહંસોની અથાગ મહેનતથી ભવ્ય દિવ્ય રીતે ઉજવાયેલ આ મહોત્સવમાં ગાદીસ્થાન જેતપુરના પ.પૂ.સદ્. શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીએ પંચાળામાં શ્રીહરિના દિવ્ય લીલાચરિત્રોની સુમધુર કથાનું રસપાન કરાવ્યું હતું. આ દિવ્ય મહોત્સવમાં પૂ. શાસ્ત્રીજી સ્વામીએ તા. ૨૦-૩-૧૯ના રોજ પધારીને ભક્તજનોને આશીર્વાદ આપ્યા હતા.

## સદ્‌ગુરુવંદના મહોત્સવ - સુરત

જયાં મહાપ્રતાપી શ્રી ઘનશ્યામ મહારાજ વિરાજે છે તે શ્રી ઘનશ્યામનગર સુરતમાં ૩૦ વર્ષ સુધી સેવા કરીને સુરત સમાજનું પાયામાં ઘડતર કરનાર અ.નિ.શ્રી પુરુષોત્તમ સ્વામી તથા સ.ગુ.શ્રી લક્ષ્મણજીવન સ્વામીએ વગેરે સદ્‌ગુરૂઓની પરમસ્મૃતિમાં સદ્‌ગુરુવંદના મહોત્સવનું દિવ્ય-ભવ્ય આયોજન પૂજારી સ્વામી શ્રી ભગવતપ્રકાશ સ્વામીએ કર્યું હતું. સરથાણા કોમ્યુનીટી હોલમાં દિવ્ય આ મહોત્સવમાં શ્રીમદ્ સત્સંગીજીવન ગ્રંથનું રસપાન ધોલેરાવાસી પૂ.શા. શ્રી હરિચરણદાસજી સ્વામી એ કરાવ્યું હતું. આ પ્રસંગે ગુરુકુલ હરિયાળાથી પૂ. શાસ્ત્રીજી સ્વામીની અનુજ્ઞાથી શા. શ્રીજીપ્રિયસ્વામી અને પૂ. નારાયણસેવાદાસજી સ્વામીએ તા. ૨૨-૩-૨૦૧૯ના રોજ પધારીને ભક્તજનોને રૂડા અમૃત વચનોને કહ્યા હતાં.

## ઉમરેઠને આંગણે શ્રી ઘનશ્યામ મહારાજનો ઉજવાયો દ્વિદશાબ્દિ મહોત્સવ

ભગવાન સ્વામિનારાયણના દસ્તાવેજવાળું મંદિર અને સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનું પરમકૃપાપાત્ર ગામ ઉમરેઠમાં સંકલ્પ સિધ્ધ શ્રી ઘનશ્યામ મહારાજના ૨૦માં પાટોત્સવ પ્રસંગે દ્વિદશાબ્દિ મહોત્સવનું ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવના પ્રેરક પ.પૂ.સદ્.શ્રી રઘુવીરચરણદાસજી સ્વામીની આજ્ઞાથી શ્રીમદ્ ભાગવત કથામૃતનું રસપાન શા. શ્રી હરિગુણ સ્વામીએ કરાવ્યું હતું. આ દિવ્ય પ્રસંગે ગુરુકુળ હરિયાળાથી પૂ. શાસ્ત્રીજી સ્વામીની આજ્ઞાથી શા. શ્રીજીપ્રિયદાસજી અને પૂ. વિવેકસ્વરૂપદાસજી તા. ૨૮-૩-૨૦૧૯ના રોજ પધારીને મહોત્સવની શુભકામનાઓ પાઠવી હતી.

## નિકોલ અમદાવાદને આંગણે ઉજવાયો શ્રીમદ્ ભાગવત-કથામહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની સત્સંગ

પ્રવૃત્તિનું સંવર્ધન કરવા પરમસ્નેહી રાણપુર ગુરુકુલ નિવાસી પ.પૂ.શ્રી શ્રીજીસ્વરૂપદાસજી સ્વામીએ નિકોલ-અમદાવાદ વિસ્તારમાં ભવ્ય-દિવ્ય શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવનું આયોજન તા. ૬-૪-૧૯ થી તા. ૧૨-૪-૧૯ સુધી કર્યું હતું. આ કથાનું રસપાન નવયુવાન શા. શ્રી કૃષ્ણવલ્લભદાસજી સ્વામી અને વેદાંતાચાર્ય શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ સમધુર રસાળ શૈલીમાં જીવનઉપયોગી પ્રસંગો દ્વારા કરાવ્યું હતું. ગુરુકુળ હરિયાળાથી પૂ. શાસ્ત્રીજી સ્વામીએ આ પ્રસંગે સંતમંડળ સહિત પધારીને દિવ્ય આશીર્વાદ પાઠવીને ભક્તજનોને તૃપ્ત કર્યા હતા.

## અમદાવાદને આંગણે પ્રારંભ થઈ દિવ્ય સત્સંગ સભા

ગુરુકુળ હરિયાળા અમદાવાદ, રાજકોટ અને સુરત આ ચાર સ્થાનોમાં ગુરુકુળ હરિયાળા દ્વારા પૂ. શાસ્ત્રીજી સ્વામીના આશીર્વાદ અને પ્રેરણાથી સત્સંગ સભાનો સુપ્રારંભ થઈ રહ્યો છે. તે મુજબ અમદાવાદ-નિકોલ વિસ્તારમાં પૂજન બંગ્લોઝની વાડીમાં તા. ૭-૪-૨૦૧૯ના રોજ સાંજે ૭:૦૦ થી ૯:૦૦ સુધી સત્સંગ સભાનું આયોજન રાખવામાં આવ્યું હતું. શરૂઆતમાં શા. શ્રીજીપ્રિયદાસજીએ વચનામૃત પર્વના અનુલક્ષમાં વચનામૃતકથાના માધ્યમે જીવનમાં સરળતાના ગુણથી સત્સંગની શરૂઆત થાય છે. તે વિશેની અનુપમ વાતો કરી હતી. ત્યારબાદ વચનામૃત ગ્રંથરાજનું પૂ. સંતો અને હરિભક્તોએ પૂજન કર્યું હતું. પછી પૂ. ઋષીકેશ સ્વામીએ હૃદય પ્રેરક વાતો કરી હતી. ત્યારબાદ પૂ. નારાયણસેવાદાસજી સ્વામીએ મેંગણી નરેશ માનસિંહનો પ્રેરક પ્રસંગ કહ્યો હતો અને અંતમાં પૂ. શાસ્ત્રીજીસ્વામીએ શ્રીહરિને ગમીયે તેવા સદ્‌ગુણો જીવનમાં કેમ કેળવવા તે વિશેની વાતો દ્વારા ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ સભાનું સંચાલન પૂ. વિવેકસ્વરૂપસ્વામીએ કર્યું હતું. આ સત્સંગ સભાના યજમાનશ્રી મધુસુદનભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) ને પૂ. સ્વામીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. અંતમાં ભક્તજનોએ ખીચડીનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

## પ્રથમ સત્ર પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમાંક લાવનાર વિદ્યાર્થીઓ
## શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યામંદિર, હરિયાળા (ખેડા)

| ધોરણ | ક્રમાંક | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| જુ. કેજી | પ્રથમ | નાઈ આર્યાબેન શશીકાંતભાઈ |
| | દ્વિતીય | ચાવડા કાવ્યા જયેન્દ્રસિંહ |
| | તૃતીય | ચાવડા પાર્થ જયેન્દ્રસિંહ |
| સિ. કેજી | પ્રથમ | પટેલ વૈદેહી મુકેશભાઈ |
| | દ્વિતીય | વાટલીયા કિર્તન ધર્મેન્દ્રભાઈ |
| | તૃતીય | પટેલ આસ્થા પરેશભાઈ |
| ૧ | પ્રથમ | ગોહેલ હાર્દિક હિંમતભાઈ |
| | દ્વિતીય | ગોહેલ હર્ષ દલપતભાઈ |
| | તૃતીય | પટેલ શ્વેતા મીનીતભાઈ |
| ૨ | પ્રથમ | પટેલ પ્રીત અશ્વિનભાઈ |
| | દ્વિતીય | પટેલ કાર્તિક જૈમિનભાઈ |
| | તૃતીય | ગોહેલ ગૌરવ કરણભાઈ |
| ૩ | પ્રથમ | પટેલ કૃપા મિનેશભાઈ |
| | દ્વિતીય | ઝાલા કિશન રાયસિંગભાઈ |
| | તૃતીય | પ્રજાપતિ મિત નરેશભાઈ |
| ૪ | પ્રથમ | કટારા દિવ્યા અરવિંદભાઈ |
| | દ્વિતીય | પટેલ જીનીત અક્ષયભાઈ |
| | તૃતીય | પ્રજાપતિ જીનલ દિનેશભાઈ |
| ૫ | પ્રથમ | ચૌહાણ વિશાલ અશોકભાઈ |
| | દ્વિતીય | પ્રજાપતિ રુદ્ર ધર્મેશભાઈ |
| | તૃતીય | ડાભી ઉપેક્ષા ચન્દ્રસિંહ |
| ૬ | પ્રથમ | પટેલ અંકુશ અરુણભાઈ |
| | દ્વિતીય | ભગોરા જયેશ વિજયભાઈ |

| | | |
|---|---|---|
| | તૃતીય | ગુપ્તા પ્રતિભા રામનાથસિંહ |
| ૭ | પ્રથમ | પટેલ તીર્થ રાજેન્દ્રભાઈ |
| | દ્વિતીય | રબારી નીશીત વિષ્ણુભાઈ |
| | તૃતીય | ભરવાડ ધર્મેશ સેલાભાઈ |
| ૮ | પ્રથમ | પટેલ હર્ષ દક્ષેશભાઈ |
| | દ્વિતીય | મિસ્ત્રી મિતેશ અનિલભાઈ |
| | તૃતીય | માળી ઉમંગ હરેશભાઈ |
| ૯ | પ્રથમ | પટેલ મિત રાજેશભાઈ |
| | દ્વિતીય | માળી અજય ખેમચંદભાઈ |
| | તૃતીય | ઝાલાવાડિયા સાગર દિનેશભાઈ |
| ૧૦ | પ્રથમ | દાવડા ધ્રુવ અનિલભાઈ |
| | દ્વિતીય | પરમાર હર્ષ પ્રેમેન્દ્રભાઈ |
| | તૃતીય | વાઘેલા વિપુલ જનકભાઈ |
| ૧૧ | પ્રથમ | માંગરોળીયા નીરવકુમાર અલ્પેશભાઈ |
| | દ્વિતીય | ઝાલા પુષ્પરાજસિંહ સુખદેવસિંહ |
| | તૃતીય | સોલંકી મનોજકુમાર ભરતભાઈ |
| ૧૨ | પ્રથમ | ચાવડા સિદ્ધરાજ પંકજભાઈ |
| | દ્વિતીય | શાહ હર્ષ સુરેશભાઈ |
| | તૃતીય | મકવાણા મનીષ શંકરભાઈ |

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યામંદિર, હરિયાળા (ખેડા)
## વાર્ષિક રમતોત્સવ - ૨૦૧૮-૧૯

| સ્પર્ધા | ક્રમાંક | વિદ્યાર્થીનું નામ | ધોરણ |
|---|---|---|---|
| ૧૦૦મી દોડ | પ્રથમ | મેવાડા રાહુલ સવાભાઈ | ૧૦ |
| | દ્વિતીય | ભગોરા પંકજ વિજયભાઈ | ૯ |
| | તૃતીય | ભાભોર રીગ્નેશ હેમચંદભાઈ | ૯ |
| ૨૦૦મી દોડ | પ્રથમ | પટેલ જય જશુભાઈ | ૧૦ |
| | દ્વિતીય | ભાભોર રીગ્નેશ હેમચંદભાઈ | ૯ |
| | તૃતીય | ભરવાડ રાજેશ અમરાભાઈ | ૧૦ |
| શટલ રન | પ્રથમ | જાની કરણ પરેશભાઈ | ૧૦ |
| | દ્વિતીય | પટેલ કિશન અરુણભાઈ | ૧૦ |
| | તૃતીય | બોરડ નીશાંગ રાજેશભાઈ | ૧૦ |
| રીવર્સ દોડ | પ્રથમ | માંગરોળીયા નીરવ અલ્પેશભાઈ | ૧૧ |
| | દ્વિતીય | રાણપરીયા યશ જગદીશભાઈ | ૯ |
| | તૃતીય | ઉપાધ્યાય કર્મ પ્રકાશભાઈ | ૯ |
| લંગડી ફાળ દોડ | પ્રથમ | ભરવાડ રાજેશ અમરાભાઈ | ૧૦ |
| | દ્વિતીય | ભાભોર રીગ્નેશ હેમચંદભાઈ | ૯ |
| | તૃતીય | વાઘેલા રાજદિપ વિક્રમસિંહ | ૯ |
| દેડકા દોડ | પ્રથમ | મેટાળીયા અજય મહેશભાઈ | ૯ |
| | દ્વિતીય | રાણપરીયા યશ જગદીશભાઈ | ૯ |
| | તૃતીય | કાકડીયા દર્શન બાવચંદભાઈ | ૯ |
| સંગીત ખુરશી | પ્રથમ | શાહ હર્ષ સુરેશભાઈ | ૧૨ |
| | દ્વિતીય | વઘાસીયા નેમી હિતેશભાઈ | ૧૦ |
| | તૃતીય | ભરવાડ મેહુલ | ૯ |
| ધક્કામાર (ઉ.મા) | પ્રથમ | વઘાસીયા નેમી હિતેશભાઈ | ૧૦ |
| | દ્વિતીય | શાહ હર્ષ સુરેશભાઈ | ૧૨ |
| | તૃતીય | માળી હર્ષિલ હિતેશભાઈ | ૧૦ |
| કોથળા દોડ | પ્રથમ | બોરડ નીશાંગ રાજેશભાઈ | ૧૦ |
| | દ્વિતીય | કાકડીયા દર્શન બાવચંદભાઈ | ૯ |
| | તૃતીય | વાઘેલા રાજદિપ વિક્રમસિંહ | ૯ |
| લીંબુ ચમચી | પ્રથમ | ભરવાડ મેહુલ | ૯ |
| | દ્વિતીય | માળી હર્ષિલ હિતેશભાઈ | ૯ |
| | તૃતીય | મકવાણા સંદિપ ધરમશીભાઈ | ૧૦ |
| લોટ ફુકણી | પ્રથમ | ભરવાડ મેહુલ | ૯ |
| | દ્વિતીય | કાકડીયા દર્શન બાવચંદભાઈ | ૯ |
| | તૃતીય | લાંબરિયા અણહિર અમૃતભાઈ | ૧૦ |
| ઊંચી કૂદ | પ્રથમ | બોધ્ર્યા દિપ કનુભાઈ | ૧૨ |
| | દ્વિતીય | ઠાકર હાર્દિક કાંતિભાઈ | ૧૧ |
| | તૃતીય | શાહ હર્ષ સુરેશભાઈ | ૧૨ |
| ગોળા ફેંક | પ્રથમ | વઘાસીયા નેમી હિતેશભાઈ | ૧૦ |
| | દ્વિતીય | પટેલ જય જશુભાઈ | ૧૦ |
| | તૃતીય | સોલંકી ધાર્મિક અરવિંદસિંહ | ૧૦ |
| રીલે દોડ | પ્રથમ | શાહ હર્ષ સુરેશભાઈ | ૧૨ |
| | દ્વિતીય | મકવાણા મનીષ શંકરભાઈ | ૧૨ |
| | પ્રથમ | બોધ્ર્યા દિપ કનુભાઈ | ૧૨ |
| | દ્વિતીય | ભરવાડ કેવલ ગિરીશભાઈ | ૧૨ |
| ત્રિપગી | પ્રથમ | પટેલ કીશન અરુણભાઈ | ૧૦ |
| | | પટેલ જય જશુભાઈ | |
| | દ્વિતીય | બોરડ નીશાંગ રાજેશભાઈ | ૧૦ |
| | | જાની કરણ પરેશભાઈ | ૧૦ |
| | તૃતીય | ઠાકોર નિમેશ જયંતીભાઈ | ૧૦ |
| | | ભરવાડ જયપાલ વસરાભાઈ | ૧૦ |

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યામંદિર, હરિયાળા (ખેડા)
### વાર્ષિક રમતોત્સવ - ૨૦૧૮-૧૯

| સ્પર્ધા | ક્રમાંક | વિદ્યાર્થીનું નામ | ધોરણ |
|---|---|---|---|
| ૧૦૦મી દોડ | પ્રથમ | નાઈ આર્યા શશીકાંતભાઈ | જુ.કેજી. |
| | દ્વિતીય | મહીડા કાવ્યા જયેન્દ્રભાઈ | જુ.કેજી. |
| | તૃતીય | સાધુ દેવાંશી રઘુરામ | જુ.કેજી. |
| ૧૦૦મી દોડ | પ્રથમ | વાટલીયા કીર્તન ધર્મેન્દ્રભાઈ | સી.કેજી. |
| | દ્વિતીય | મહીડા દિવ્યરાજ મહેશભાઈ | સી.કેજી. |
| | તૃતીય | પટેલ વૈદેહી મુકેશભાઈ | સી.કેજી. |
| મેમરી ગેમ | પ્રથમ | મહીડા કાવ્યાબા | જુ.કેજી. |
| | દ્વિતીય | નાઈ આર્યા શશીકાંતભાઈ | જુ.કેજી. |
| | તૃતીય | પટેલ વૈદેહી મુકેશભાઈ | જુ.કેજી. |
| રીવર્સ દોડ | પ્રથમ | વસાવા પ્રીયાંસી સંજયભાઈ | ૧ |
| | દ્વિતીય | પટેલ શ્વેતા મીનીતભાઈ | ૧ |
| | તૃતીય | ભરવાડ દેવેન્દ્ર હરિભાઈ | ૧ |
| રીવર્સ દોડ | પ્રથમ | ભોઈ પાર્થ શૈલેષભાઈ | ૨ |
| | દ્વિતીય | વાઘેલા અવંતિકા કિરણભાઈ | ૨ |
| | તૃતીય | ઠાકોર પ્રિયા વિશાલભાઈ | ૨ |
| દેડકા દોડ | પ્રથમ | મહીડા કાવ્યા જયેન્દ્રસિંહ | જુ.કેજી. |
| | દ્વિતીય | પટેલ આસ્થા પરેશભાઈ | સી.કેજી. |
| | તૃતીય | ચાવડા કૃપાલસિંહ | સી.કેજી. |
| સંગીત ખુરશી | પ્રથમ | વાઘેલા અવંતિકા કિરણભાઈ | ૨ |
| | દ્વિતીય | ગોહેલ ગૌરવ કરણભાઈ | ૨ |
| | તૃતીય | ગોહેલ હાર્દિક હિંમતભાઈ | ૧ |
| ૧૦૦મી દોડ | પ્રથમ | મિસ્ત્રી પાર્થ હાર્દિકભાઈ | ૧ |
| | દ્વિતીય | પટેલ નક્ષ જીગ્નેશભાઈ | ૨ |
| | તૃતીય | પ્રજાપતિ સાગર પ્રહલાદભાઈ | ૨ |
| ૨૦૦મી દોડ | પ્રથમ | ઝાલા ભાવિન જશુભાઈ | ૪ |
| | દ્વિતીય | ગુપ્તા રિષિકેશ રામનાથ | ૩ |
| | તૃતીય | ભરવાડ જયદીપ હરીશભાઈ | ૩ |
| સંગીત ખુરશી | પ્રથમ | પટેલ કૃપા મિનેશભાઈ | ૩ |
| | દ્વિતીય | ઝાલા કિશન રાયસંગભાઈ | ૩ |
| | તૃતીય | ટીંબડીયા શિવમ કિશોરભાઈ | ૪ |
| રીવર્સ દોડ | પ્રથમ | વાઘેલા પ્રિતેશ વિજયભાઈ | ૪ |
| | દ્વિતીય | ઝાલા ભાવિન જશુભાઈ | ૪ |
| લીંબુ ચમચી | પ્રથમ | વાઘેલા કોમલ વિજયભાઈ | ૩ |
| | દ્વિતીય | વાઘેલા વિશાલ જશુભાઈ | ૩ |
| | તૃતીય | પટેલ જીનીત અક્ષયભાઈ | ૪ |
| સિક્કા શોધ | પ્રથમ | પટેલ પ્રીત અશ્વિનભાઈ | ૨ |
| | દ્વિતીય | સિસોદીયા રાજવીર પ્રવીણભાઈ | ૨ |
| | તૃતીય | ઝાલા કિશન રાયસંગભાઈ | ૩ |
| લીંબુ ચમચી | પ્રથમ | પ્રજાપતિ જીનલ દિનેશભાઈ | ૪ |
| | દ્વિતીય | પટેલ દક્ષ અંકિતભાઈ | ૨ |
| | તૃતીય | ગોહેલ ગૌરવ કરણભાઈ | ૨ |
| કોથળા દોડ | પ્રથમ | પ્રજાપતિ મિત નરેશભાઈ | ૩ |
| | દ્વિતીય | રાવલ વંદન જીતેન્દ્રભાઈ | ૩ |
| | તૃતીય | ચાવડા ધારા નરેન્દ્રભાઈ | ૩ |
| ત્રિપગી દોડ | પ્રથમ | વાઘેલા પ્રીતેશ વિજયભાઈ | ૪ |
| | | સોલંકી ભાવિન જશુભાઈ | ૪ |
| | દ્વિતીય | પ્રજાપતિ જીનલ દિનેશભાઈ | ૪ |
| | | પટેલ કૃપા મિનેશભાઈ | ૩ |
| | તૃતીય | ભરવાડ ચેતન ઝાલાભાઈ | ૪ |
| | | પરમાર અક્ષર ભુપેન્દ્રભાઈ | ૪ |


## શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યામંદિર, હરિયાળા (ખેડા)
### વાર્ષિક રમતોત્સવ - ૨૦૧૮-૧૯


| સ્પર્ધા | ક્રમાંક | વિદ્યાર્થીનું નામ | ધોરણ |
|---|---|---|---|
| ૧૦૦મી દોડ | પ્રથમ | કીરાડે સંજના પી. | ૭ |
| | દ્વિતીય | ભરવાડ હેતલ વી. | ૮ |
| | તૃતીય | વાઘેલા ક્રિષ્ના પી. | ૭ |
| ૨૦૦મી દોડ | પ્રથમ | કાપડિયા મિત બી. | ૭ |
| | દ્વિતીય | મોદી સુમિત એસ. | ૭ |
| | તૃતીય | ભાભોર ધનરાજ એચ. | ૬ |
| ૪૦૦મી દોડ | પ્રથમ | પટેલ અવનીશ ઈ. | ૮ |
| | દ્વિતીય | ચૌહાણ વિશાલ એસ. | ૭ |
| | તૃતીય | સાસલા હાર્દિક વી. | ૮ |
| રીવર્સ દોડ | પ્રથમ | વાટીયા કરણ એમ, | ૮ |
| | દ્વિતીય | ભરવાડ ધર્મેશ | ૭ |

| | | | |
|---|---|---|---|
| | તૃતીય | મોદી સુમિત એસ. | ૭ |
| લંગડી ફાળ | પ્રથમ | કાપડિયા મિત બી. | ૭ |
| | દ્વિતીય | વાટીયા કરણ એમ. | ૮ |
| | તૃતીય | વાઘેલા વિશાલ ડી. | ૭ |
| દેડકા દોડ | પ્રથમ | પટેલ કાવ્ય વી. | ૬ |
| | દ્વિતીય | ચૌહાણ વિશાલ એસ. | ૭ |
| | તૃતીય | સોલંકી દર્શીલ જે. | ૬ |
| સંગીત ખુરશી | પ્રથમ | ભોઈ કેવલ એ. | ૫ |
| | દ્વિતીય | શાહ જૈમીન એસ. | ૮ |
| | તૃતીય | ભરવાડ કિશન જકસીભાઈ | ૭ |
| ધક્કામાર (કન્યા) | પ્રથમ | વાઘેલા તન્વી ગોપાલભાઈ | ૫ |
| | દ્વિતીય | ભરવાડ હેતલ વી. | ૮ |
| | તૃતીય | વાઘેલા હિનલ પી. | ૫ |
| ધક્કામાર (કુમાર) | પ્રથમ | પટેલ અવનીશ એ. | ૮ |
| | દ્વિતીય | પટેલ મૌલિક બી. | ૮ |
| | તૃતીય | માળી ઉમંગ એસ. | ૮ |
| લાંબીકુદ (કુમાર) | પ્રથમ | પટેલ અવનીશ એ. | ૮ |
| | દ્વિતીય | કાપડિયા મિત બી. | ૭ |
| | તૃતીય | ભાભોર ધનરાજ એચ. | ૭ |
| લાંબીકુદ (કન્યા) | પ્રથમ | કીરાડે સંજના પી. | ૭ |
| | દ્વિતીય | ભરવાડ હેતલ વી. | ૮ |
| | તૃતીય | વાઘેલા હિનલ પી. | ૫ |
| ઊંચી કુદ | પ્રથમ | કાપડિયા મિત બી. | ૭ |
| | દ્વિતીય | પટેલ અવનીશ એ. | ૮ |
| કોથળા દોડ | પ્રથમ | ભગોરા જયેશ વિજયભાઈ | ૬ |
| (કુમાર) | દ્વિતીય | પ્રજાપતિ સંજય ભરતભાઈ | ૯ |
| | તૃતીય | મોદી સુમિત એસ. | ૭ |
| કોથળા દોડ | પ્રથમ | વાઘેલા ક્રિષ્ના પી. | ૭ |
| (કન્યા) | દ્વિતીય | ગુપ્તા પ્રતિભા રામનાથભાઈ | ૬ |
| | તૃતીય | ભરવાડ હેતલ વી. | ૮ |
| લોટ ફુકણી | પ્રથમ | વાઘેલા ક્રિષ્ના પી. | ૭ |
| (કન્યા) | દ્વિતીય | ગુપ્તા પ્રતિભા રામનાથભાઈ | ૬ |
| | તૃતીય | ભરવાડ તેજલ એલ. | ૭ |
| લોટ ફુકણી | પ્રથમ | પટેલ અવનીશ એ. | ૮ |
| (કુમાર) | દ્વિતીય | ચૌહાણ તુષાર એન. | ૭ |
| | તૃતીય | કાપડિયા મિત બી. | ૭ |
| લીંબુ ચમચી | પ્રથમ | ભાભોર ધનરાજ એચ. | ૭ |
| | દ્વિતીય | ભરવાડ હેતલ વી. | ૮ |
| | તૃતીય | વાઘેલા ક્રિષ્ના પી. | ૭ |
| રીવર્સ દોડ | પ્રથમ | ગુપ્તા પ્રતિભા રામનાથભાઈ | ૬ |
| | દ્વિતીય | વાઘેલા હિનલ | ૫ |
| | તૃતીય | વાઘેલા ક્રિષ્ના પી. | ૭ |
| સંગીત ખુરશી | પ્રથમ | રબારી અંજલી હીરાભાઈ | ૫ |
| (કન્યા) | દ્વિતીય | વાઘેલા તન્વી ગોપાલભાઈ | ૫ |
| | તૃતીય | ગુપ્તા પ્રતિભા રામનાથભાઈ | ૬ |
| લંગડી દોડ | પ્રથમ | કીરાડે સંજના પી. | ૭ |
| | દ્વિતીય | ભરવાડ હેતલ વી. | ૮ |
| | તૃતીય | વાઘેલા ક્રિષ્ના પી. | ૭ |

## ગુરુકુળ હરિયાળા ખેડામાં ઠાકોરજીને થાળ તેમજ રસોઈ આપનાર ભક્તજનો

- શ્રી ભરતભાઈ ભુવા - અમદાવાદ
- શ્રી ખોડલકુમાર જયસુખભાઈ વસોયા - રાજકોટ
- શ્રી હિનવ અશ્વિનભાઈ સાવલિયા - સુરત
- શ્રી રાજુભાઈ શિવાભાઈ ઢાંકેચા - સરધાર
- શ્રી રીધમકુમાર પટેલ - કાદિપુર
- શ્રી વિવેક રમેશભાઈ હિરપરા - જીવાપર
- શ્રી નિકેત દિલીપભાઈ ભાદાણી - સુરત
- શ્રી ભવ્ય નરેશભાઈ ભાદાણી - સુરત
- શ્રી નારણભાઈ કરશનભાઈ પીંડોરીયા - સામત્રા
- શ્રી આશિષકુમાર ભુત - રાજકોટ
- શ્રી ભરત હરીશભાઈ ભરવાડ - નડિયાદ
- શ્રી જયદિપ હરીશભાઈ ભરવાડ - નડિયાદ
- શ્રી મનુ મહેશભાઈ ભરવાડ - નડિયાદ
- શ્રી પાર્થભાઈ અશોકભાઈ સવાણી - સુરત
- શ્રી દિવાનકર ભૈરવભાઈ દેસાઈ - થુવાવી
- શ્રી નિશાંગ રાજેશભાઈ બોરડ - સુરત
- શ્રી ગૌરવકુમાર દિનેશભાઈ જાકાસણીયા - અમદાવાદ
- શ્રી આશિષભાઈ પાંચાભાઈ ભૂત - નગર પીપળીયા

# અક્ષરવાસ

**અક્ષરવાસ :** જામનગર નિવાસી પરમસેવાભાવી પ.પૂ.સદ્.કોઠારી શ્રી રાધારમણદાસજી સ્વામી ૭૨ વર્ષની વયે હરિનું સ્મરણ કરતાં થકા તા. ૫-૨-૨૦૧૯ના રોજ અક્ષરધામમાં સીધાવ્યા છે. પૂ. સ્વામીશ્રીએ પંચાળા મંદિરમાં વર્ષો સુધી રહીને સત્સંગની અભૂતપૂર્વ સેવા કરી છે. જામનગર મંદિરમાં વર્ષો સુધી કોઠારી તરીકે રહીને હાલાર પંથકના ભક્તોની અને મંદિરની ચીરસ્મરણીય સેવા કરી છે. પૂ. સ્વામીને સત્સંગનો અમૂલ્ય વારસો જાળવવાની ખૂબજ ખેવના હતી. સ્વામીશ્રીનો પ્રેમભાવ, એક-એક હરિભક્તને સાચવવાની રીતથી બધાના દિલ જીતી લીધા હતા. આવા પૂ. સ્વામીશ્રીના દિવ્યાત્માને ભગવાન શ્રી સ્વામિનારાયણ મૂર્તિનું ખૂબ જ સુખ આપે અને પૂ. ચતુર્ભુજ સ્વામી આદિક સંતમંડળ અને જામનગરના સત્સંગ સમાજને ધીરજતાનું બળ પ્રાપ્ત થાય તેવી શ્રીહરિને પ્રાર્થના.



**અક્ષરવાસ :** ખીલાવડ નિવાસી પરમ ભક્તરાજ શ્રી કરશનભાઈ પડશાળા શ્રીહરિનું અખંડ સ્મરણ કરતાં થકા તા. ૧૩-૩-૨૦૧૯ના રોજ ૧૦૦ વર્ષની વયે અક્ષરનિવાસી થયા છે. કળિયુગની સો વર્ષની પૂર્ણ આયુષ જીવીને પોતાના જીવનને સત્સંગના રંગે શ્રીહરિની ભજન-ભક્તિથી ભરપૂર રાખનાર શ્રી કરશનબાપા હતા. અખંડ શ્રીહરિની મૂર્તિમાં મનને રાખીને ભજન કરતાં બાપાના દર્શન કરીએ ત્યારે અંતરમાં શાંતિના શેરડા પડતાં હતાં. આજીવન મંદિરમાં સેવા-કથા વાર્તા કરીને જીવનને આદર્શ પ્રેરણારૂપ કર્યું હતું. સમગ્ર ગીર-પંથકના ગૌરવરૂપ શ્રી કરશનબાપાને ભગવાન સ્વામિનારાયણ મૂર્તિનું અખંડ આપે અને તેમના સુપુત્રો શ્રી જગદીશભાઈ, શ્રી વિનુભાઈ અને શ્રી નંદલાલભાઈ તથા સર્વે પરિવાર અને ખીલાવાડ સત્સંગ સમાજને ધીરજતાનું બળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના.



**અક્ષરવાસ :** આંબરડી નિવાસી પ.ભ. શ્રી મેઘજીભાઈ વાલજીભાઈ ડોબરીયા તા. ૩૧-૩-૨૦૧૯ના ૯૭ વર્ષની પૂર્ણ વયે શ્રીહરિજીનું સ્મરણ કરતાં થકાં અક્ષરનિવાસી થયા છે. શ્રી મેઘજીબાપા સત્સંગ-સમાજના આદર્શપુરુષ હતા. પોતાના પરિવારમાં સત્સંગના પવિત્ર સંસ્કારો આવે તે માટે ગુરુકુળ રાજકોટમાં પોતાના સંતાનોને અભ્યાસ કરાવ્યો. મંદિર-સત્સંગને પોતાનું ઘર માનીને સદૈવ સત્સંગની સેવા કરતાં હતા. માયાળુ-મળતાવડા સ્વભાવના શ્રી મેઘજીબાપાના દિવ્ય આત્માને શ્રીહરિ અખંડમૂર્તિનું સુખ અર્પે તથા તેમના સુપુત્રો શ્રી મધુભાઈ, શ્રી શાંતિભાઈ, શ્રી પ્રવિણભાઈ તથા ડોબરિયા પરિવારને ધીરજતાનું બળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના.

